# પલાશ

શ્રી ઝવેરચંદ મેઘાણી

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સુરેન્દ્રનગર

વર્ષ :- ૧ | ૧૫ ઑગસ્ટ ૨૦૦૨ | અંક :- ૧



તંત્રી : એન. જે. મકવાણા

સહ તંત્રી : સી. ટી. ટુંડીયા

સંપાદક : ડાયેટ પરિવાર સુરેન્દ્રનગર


### સર્જકોને

શિક્ષકોને પ્રેરણાદાયી, વર્ગશિક્ષણકાર્યમાં ઉપયોગી બને તેવા મૌલિક,સરળ ભાષામાં અભ્યાસપૂર્ણ, અનુભવજન્ય, ટૂંકા લેખો આવકાર્ય છે.

- બાળક, શાળા કે શિક્ષણ કેન્દ્રી વાર્તાઓ - બાળ કાવ્યો, પ્રસંગકથા-ઘટનાઓ, સ્થાનિક પર્યાવરણને અનુરૂપ લેખો આવકાર્ય છે.
- અન્યત્ર પ્રગટ થયેલ કૃતિ ન મોકલવી.
- લેખ પ્રકાશન અંગે પત્ર વ્યવહાર ન કરવો.
- સામયિકમાં પ્રસિધ્ધ થતા વિચાર સાથે તંત્રી સહમત છે તેમ માનવું નહીં.

શું આપે 'તોત્તો ચાન' વાંચ્યું ? આપના પ્રતિભાવ મોકલશો ?

**પત્ર વ્યવહારનું સરનામું :**


પ્રતિ,<br>
તંત્રીશ્રી (પલાશ)<br>
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,<br>
શ્રી સ્વામિનારાયણ ગુરુકુળની સામે,<br>
સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨<br>
ફોન / ફેક્સ : (૦૨૭૫૨)૨૩૧૭૦ , ૨૯૯૨૮<br>
E-Mail : dietsnr@yahoo.co.in.


### *તંત્રી સ્થાનેથી .....*

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન , સુરેન્દ્રનગર દ્વારા આ પ્રથમ અંક પ્રકાશિત કરતા આનંદ અનુભવીએ છીએ. જિલ્લાના શિક્ષણ પ્રેમીઓના આગ્રહને ધ્યાને લેતા તેમજ માન. ડૉ. શ્રી નલિનભાઈ પંડિત સાહેબના સૂચનને અમલમાં મૂકતાં અમે ગૌરવ અનુભવીએ છીએ.

જી.સી.ઇ.આર.ટી. પરીવાર સમગ્ર રાજયમાં પ્રાથમિક શિક્ષણમાં (નામાંકન, સ્થાયીકરણ અને ગુણવત્તા બાબતે )રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઊંચું સ્થાન ધરાવે છે. આ બાબત શિક્ષણના હિતચિંતકો દ્વારા શુભનિષ્ઠા પૂર્વક કરેલા પ્રયત્નોથી શક્ય બનેલ છે.

મિત્રો, શિક્ષણ દ્વારા શું ન થઈ શકે ? " શિક્ષણ એક આંદોલન છે." એમ આપણા માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે તા. ૬/૮/૨૦૦૨ ના રોજ જી.સી.ઇ.આર.ટી. ભવનના ખાતમુહૂર્ત પ્રસંગે યોગ્ય રીતે જ કહેલ છે. માન. શિક્ષણમંત્રી આનંદીબેન પટેલે શિક્ષણ જગતની કાયાપલટ કરવામાં તથા શિક્ષણ જગતની જરૂરિયાતો પૂરી પાડવામાં સફળ નેતૃત્વ આપેલ છે.

આવા સંજોગોમાં હવે આપણે જ વિચારવાનું રહ્યું. શું આપણે સ્વની ઓળખ કરતા થઈશું ? શું આપણે આપણા વર્ગખંડોમાં બાળકોને વધુ સમય આપીશું ? શું આપણે શિક્ષણમાં સમર્પિત થઈશું ? 'હા,' આપણે શિક્ષણમાં તમામ ક્ષેત્રે હજુ જે કાંઇ વિશેષ કરવાનું છે તેમાં કોઇ કચાશ બાકી રહેવા નહી દઇએ જેથી ભવિષ્યનો સમાજ શિક્ષણની કોઇ ખામીથી પીડાય નહિ.

એન.જે.મકવાણા<br>
પ્રાચાર્ય<br>
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન<br>
સુરેન્દ્રનગર

હે પ્રભુ ! મારી પ્રાર્થના છે કે હું અંદરથી સુંદર થાઉં.

# શુભેચ્છા સંદેશ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર પોતાનું મુખપત્ર "પલાશ" શરૂ કરી રહ્યું છે તે અપેક્ષા પ્રમાણે આનંદ અને ગૌરવની બાબત છે. ભવન તેના મુખપત્ર દ્વારા જિલ્લાના પ્રાથમિક શિક્ષણમાં આવી રહેલી ક્રાંતિના વાહક તરીકે ભૂમિકા બજાવશે તેવો અભિગમ આકાર પામશે.પ્રવૃત્તિલક્ષી શિક્ષણ માટે શિક્ષકોને પ્રેરણા મળે તેવા આયોજનની અપેક્ષા છે.

ડાયેટ-સુરેન્દ્રનગર પ્રાચાર્યશ્રીના નેતૃત્વ હેઠળ ઉત્સાહ પૂર્વક આગળ વધી રહ્યું છે તે સર્વ ડાયેટ પરિવારને અભિનંદન અને ધન્યવાદ

આર. સી. ગોર
અધિક નિયામક
જી.સી.ઈ.આર.ટી.,
ગાંધીનગર

ડૉ. નલિન પંડિત
નિયામક
જી.સી.ઈ.આર.ટી.,
ગાંધીનગર

# શુભેચ્છા સંદેશ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર દ્વારા "પલાશ" પ્રગટ થઈ રહ્યું છે, ખૂબ જ શુભેચ્છાઓ. પલાશના અર્થની જેમ જ શૈક્ષણિક માહિતીથી સભર આ ખીલી ઉઠે અને શિક્ષકોને ઉપયોગી બની રહે. શિક્ષકોના વિચારોને વાચા મળતી રહે તે જ અભ્યર્થના સાથે...

પી. એફ. પારઘી
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી,
સુરેન્દ્રનગર.

# શુભેચ્છા

અમને જાણીને ખુશી થઈ કે ડાયેટ દ્વારા- "પલાશ" સામયિક (માસિક) નો પ્રથમ અંક તૈયાર થાય છે. આશા છે કે "પલાશ" દ્વારા શિક્ષકોનાં સત્કાર્યોને વધુ વેગ મળશે.

આપ સાહેબશ્રી તથા સહતંત્રીશ્રી અને આપની ટીમને ધન્યવાદ. જિલ્લાનાં તમામ શિક્ષકોની "પલાશ"ને શુભેચ્છા...

બિપીનચંદ્ર ડી. રાવલ
મહામંત્રી
જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ
સુરેન્દ્રનગર.

ભરતસિંહ જે. રાણા
પ્રમુખ
જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ
સુરેન્દ્રનગર.

દુનિયાની કલ્પનાતીત વસ્તુઓ પ્રાર્થનાથી ફલિત થાય છે.

# વેસ્ટમાંથી બેસ્ટ

એન.કે.રાવલીયા

શિક્ષક મિત્રો વેસ્ટમાંથી બેસ્ટની વાત થાય ત્યારે આપણને સહજ પ્રશ્ન થાય કે, એવી કઈ વેસ્ટ(નકામી) વસ્તુંઓમાંથી બેસ્ટ વસ્તું બનાવી શકાય ?

સામાન્ય રીતે જોઈએ તો વેસ્ટમાંથી બેસ્ટની એવી કોઈ ચોક્કસ વ્યખ્યા નથી પણ આપણે સૌ આપણને અને આપણા વિસ્તારને ધ્યાનમાં રાખી એક આ પ્રકારની વ્યાખ્યા બનાવી શકાય.

" આપણા આસ-પાસના પર્યાવરણમાંથી મળી આવતી નકામી ચીજ વસ્તુઓને એકઠી કરી આપણી પસંદ કરેલી આકૃતિમાં ગોઠવણી કરી તેને મૂર્ત સ્વરૂપ આપીએ તેને વેસ્ટમાંથી બેસ્ટ કહી શકાય. "


આસ-પાસમાંથી મળી આવતી નકામી ચીજ વસ્તુંઓમાંથી ટી.એલ.એમ. બનાવી શકાય છે. તથા ગૃહ સુશોભનના કલાત્મક સુંદર નમૂનાઓ પણ બનાવી શકાય છે.

તો ચાલો આજે આપણે એક એવા વેસ્ટમાંથી બેસ્ટ તૈયાર કરેલા ટી.એલ.એમ.ને સમજીએ.

- શૈક્ષણિક સાધનનું નામ :-

" બે સમાંતર રેખાની છેદિકાથી બનતા ખુણાની સમજ આપતું સાધન "


- અધ્યયન ક્ષેત્ર :- ૬ ( ભૂમિતિ )
- ક્ષમતા ક્રમાંક :- ૬.૬.૩, ૬.૬.૪, ૬.૬.૬, ૬.૬.૭.
- જરૂરી સાધન સામગ્રી :- લાકડાની ત્રણ પટ્ટી,કરવત,હેન્ડ ડ્રીલ, નટ-બોલ્ટ.
- બનાવવાની રીત :- ત્રણ લાકડાની પટ્ટી લઈ બે પટ્ટીને સંમાતર રાખી ત્રીજી પટ્ટીને આડી રાખી (આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે ) છિદ્ર પાડવા અને નટ બોલ્ટથી હલન ચલન થઈ શકે તેવી રીતે ફીટ કરવા.
- શૈક્ષણિક ઉપયોગ :- આ સાધનથી બનતા રૈખિક જોડ યુગ્મકોણ,અભિકોણ,અંતઃકોણ વગેરે સમજાવી શકાય છે.




- ક્ષમતા ક્રમાંક - ૬.૬.૬ :-

( બે રેખાઓની છેદિકાનો ખ્યાલ મેળવે છે. )

જો કોઈ રેખા આપેલી બે રેખાઓને બે ભિન્ન બિંદુઓમાં છેદે, તો તેને બે રેખાઓની છેદિકા કહે છે.




આ આકૃતિમાં રેખા L અને M ને રેખા N એ P અને Q બિંદુમાં છેદે છે. તેથી રેખા Nએ રેખાઓ L અને M ની છેદિકા છે. (વધુ આવતા અંક)

જુ.લેક્ચરર
ડાયેટ-સુરેન્દ્રનગર

### ગાણિતિક કોયડો

એક દસ કિલોનું લાકડું, ઉપર બેઠું માંકડું, રોજ એક મીલીગ્રામ ખાય તો એ કેટલા દિવસે લાકડું ખાઈ શકે ? (જવાબ આવતા અંકે)

પી.એમ.મહેતા
જુ.લેક્ચરર,
ગણિત-વિજ્ઞાન શાખા

# ખબરદાર બાળકોને માર્યા છે તો...

✍ વિનોદ ભટ્ટ

મોટા ભાગે એવું બનતું હોય છે કે લોકો અન્યના જીવનમાંથી કંઈક ને કંઈક પ્રેરણા પામતા હોય છે, જ્યારે આ લેખ લખવાની પ્રેરણા મને મરણમાંથી મળી છે. લુધિયાણા ખાતે દસમાં ધોરણમાં ભણતા એક વિદ્યાર્થીને સ્કૂલ ટીચરબહેને નિર્દયતાપૂર્વક એટલો ઢોરમાર માર્યો કે તે છોકરો મરી ગયો. તેનો ગુનો એટલો જ હતો કે બીમાર હોવાને કારણે તે લેસન નહોતો કરી શક્યો. શરીર હોય તો બીમારી આવેને ! એવી સમજથી બહેને એ છોકરાનું શરીર જ ના રહે એવી તજવીજ કરી - ન રહેગા બાંસ, ન બજેગી બાંસુરી.

શિક્ષકનો માર તો અમેય ખાધો છે, ધરાઈને, ઓડકાર આવી જાય એટલો ધરાઈને ખાધો છે. અમે છઠ્ઠા ધોરણમાં હતા ત્યારે અમારા એક પટેલ સાહેબે અમારી કમરમાં જોરથી જોરથી ચૂંટલો ખણીને લોહી કાઢેલું અને ચકામું પાડી દીધેલું. આ શકિતશાળી પટેલ સાહેબનાં ખાસ દર્શન કરવા અમારા પિતાશ્રી શાળામાં આવેલા એ અમને યાદ છે ને કમરમાં ખણવામાં આવેલ ચૂંટલાને કારણે ને ચકામું પડી ગયેલું એ ઘણાં વર્ષો સુધી સચવાઈ રહેલું-અમારાં બાળકોને તે જોવાનો લાભ મળ્યો હતો. દુર્ભાગ્યે અમારા પૌત્રો-દોહિત્રો તે નિહાળી શકયા નથી. પરંતુ અમારા સાહેબો મારવા અગાઉ બે બાબતોનું ખાસ ધ્યાન રાખતા. તૂટી ન જાય અથવા તો નુકશાન ન થાય એ વાસ્તે હાથ પર બાંધેલી ઘડિયાળ કાઢી નાખતા, હાથની આંગળીમાં પહેરેલી વીંટી પણ કાઢી નાખતા, જેથી અમને મારતી વખતે તેમને ખુદને વાગી ન જાય. અને બીજું ધ્યાન એય રાખતા કે મારને લીધે કોઈ છોકરું ગુજરી ન જાય, લુધિયાણાવાળી ના થઈ જાય.

બાકી બસો, અઢીસો યા ત્રણસો વર્ષ અગાઉ બાળકને એકડો પાડતાં શીખવવાની શિક્ષકોએ શરૂઆત કરી હશે એ જ દિવસથી તેમણે બાળકને સોટીનો સ્વાદ ચખાડયો હશે. મહાભારત-રામાયણકાળમાં ગુરુજનો પોતાના શિષ્યો પાસે [illegible]ર વૈતરું કરાવતા, જંગલમાં લાકડાં કાપવાય મોકલતા, પણ ધારો કે કોઈ વિધાર્થીને કશું ન આવડે તો ગુરુ તેમને ધીબેડતા હોવાનો ઉલ્લેખ રામાયણ કે મહાભારતમાં જોવા મળતો નથી. અરે, પાકી ( એટલે કે વાર્ષિક ) પરીક્ષામાં ગુરુ દ્રોણે એકસો પાંચ જણાને ( પાંચ પાંડવો-સો કૌરવોને) એક જ સવાલ પૂછયો હતો કે ઝાડ પર તમને શું દેખાય છે ? જેનો સાચો, સાચો અર્થાત ગુરુને અભિપ્રેત હતો એવો જવાબ 'પંખીની આંખ' માત્ર અર્જુને જ આપ્યો હતો, બાકીના એકસો ચાર જણા આ પરીક્ષામાં ફુલ્લી ફેઈલ-નાપાસ થયા હોવા છતાં ગુરુજીએ બધાની સામૂહિક ધોલાઈ કરી હોત તો એની નોંધ મહાભારતકારે અવશ્ય લીધી હોત. મહાભારતકારને કયાં કોઈની શરમ હતી !.

કિન્તુ પ્રથમ ગુજરાતી નવલકથા 'કરણઘેલો' લખનાર નંદશંકર તુળજાશંકર મહેતા અને કવિ દલપતરામના સમયમાં શાળામાં ભણવા આવનાર બાળકોને શિક્ષકો દ્વારા પ્રસાદના ધોરણે માર મળતો. નંદશંકરના જીવનચરિત્રમાં લખ્યા પ્રમાણે ક્યારેક તો વર્ગમાં એક છોકરું તોફાન કરે તો વર્ગના તમામ વિધાર્થીઓને સમાન ધોરણે ફટકારવામાં

આવતા. વિદ્યાર્થીએ કોઈ તોફાન યા ગુનો કર્યો છે કે કેમ એ ગૌણ બાબત બની જતી. મુખ્ય વાત મારવાની રહેતી. શિક્ષકના હાથમાં ચળ આવે, અથવા તો મારવાની પ્રેકટીસ છૂટી ન જાય તે માટેય છોકરાને ખોખરા કરવામાં આવતાં.

આજથી લગભગ ૯૫ વર્ષ પહેલાં આપણાં હાસ્ય લેખક જ્યોતીન્દ્ર દવેને પણ તેમનામાં પડેલી હાસ્યવૃત્તિએ બરાબરનો મેથીપાક ખવડાવ્યો હતો. શિક્ષકોમાં હાસ્યને પામવાની શકિત ન હોય ત્યારે કેટલીકવાર કેવાં કરુણ પરિણામ આવે છે એનું આ દૃષ્ટાંત છે. વિજ્ઞાનના શિક્ષકે એકે દિવસ વર્ગમાં કહ્યું : 'ગરમીથી પદાર્થ ફૂલે ને ઠંડીથી સંકોચાય છે.' ત્યારબાદ તેમણે દરેક વિદ્યાર્થીને આનું એક એક ઉદાહરણ આપવા જણાવ્યું. જ્યોતીન્દ્રનો વારો આવ્યો એટલે શિક્ષકે તેમને ટોળમાં કહયું : 'મોટાભાઈ, તમે દાખલો આપો...' શિયાળાની રજાઓ તરત જ પૂરી થઈ ગઈ હતી. તેના સંદર્ભમાં જ્યોતીન્દ્ર બોલ્યા : 'ઠંડીને લીધે શિયાળાની રજા સંકોચાઈને ટૂંકી થઈ જાય છે ને ગરમીને લીધે ઉનાળાની રજા વિકસીને લાં...બી થાય છે.' તેમનો જવાબ સાંભળીને શિક્ષક સિવાયના બધા હસી પડયા ને 'હાથ ધર સુવ્વર, મારી મજાક કરે છે ?' એમ કહી શિક્ષકે તેમને સોટીએ સોટીએ મારીને હાથ સુજાડી દીધો.

જ્યોતીન્દ્રભાઈએ પોતાની સંસ્મરણ કથા 'વ્યતીતને વાગોળું છું' માં લખ્યા પ્રમાણે તેમના શિક્ષક પોતાની પાસે લાંબી, પાતળી નેતરની સોટી રાખતા. સોટી હલાવતા હલાવતા જ એ વર્ગમાં દાખલ થતા. ખુરસી પર આસન જમાવી સોટીને ટેબલ પર મૂકતા. વિશેષ માલનો અધિકારી ન લાગે એવા વિદ્યાર્થીને ઉભો કરીને દૂરથી પોતે બેઠા બેઠા જ એના પર સોટી ફેંકતા. સોટી વિદ્યાર્થીના શરીરનો સ્પર્શ કરી પાવન થઈને એના ચરણ આગળ ઢળી પડતી. વિદ્યાર્થી સોટીને ઊંચકી લઈને દલાલસાહેબ પાસે જઈ એમને આપતો. દલાલસાહેબ એ સોટી હાથમાં લઈ થોડીવાર તેને ગોળ ગોળ ફેરવી પેલા વિદ્યાર્થીના કોટ પર તેના વડે ચાર પાંચ પ્રહાર કરી લેતા.

પણ એક દિવસ જ્યોતીન્દ્ર પર તો વિશેષ કૃપા કરી. સોટી દૂરથી ન ફેંકતાં એમણે દૂબળા-પાતળા જ્યોતીન્દ્રને પાસે બોલાવ્યા. સડાસડ-સડાસડ એમણે સોટી વીંઝવા માંડી. જ્યોતીન્દ્ર મનમાં ને મનમાં ગણતા કે કેટલા સપાટા પડયા. એક-બે-ત્રણ... દસ, બાર ને પછી ગણવાનું છોડી રોતા રાગે ગણગણવા માંડયું. 'એ શું ગણગણે છે ? મને ગાળ દે છે કે બચ્ચા ? ઉભો રહે, તારી તો છાલ જ ઉખેડી નાખું,'કહીને શિક્ષકે સોટી વધારે જોરથી વીંઝવા માંડી. ચમચમાટ અને પીડા ખમાય નહીં એટલે જ્યોતીન્દ્રએ એ હાથ ખસેડી લઈને બીજો હાથ ધર્યો. 'નહિ, નહિ, પેલો જ જમણો હાથ આગળ કર. ડાબા હાથનો વારો હવે પછી આવશે.' દલાલસાહેબ બોલ્યા. જ્યોતીન્દ્રએ ફરી હાથ આગળ કર્યો. ફરી પ્રહાર શરુ થયા. જ્યોતીન્દ્રને રડવાનું, ખૂબ મોટેથી રડવાનું, આખી શાળા તો શું, શાળાની બહાર પણ આક્રંદ સંભળાય તે રીતે રડવાનું મન થયું. આ ભાવિ હાસ્ય લેખકને પણ કોણ જાણે કેમ તે રડી શક્યા નહિ. ફકત 'ઓરે ! ઓરે ! ' એટલો જ ઉદ્ગાર

તથા થોડાક સિસકારા બાળ-જ્યોતીન્દ્ર કાઢી શક્યા.

એટલામાં આગળની પાટલી પર બેઠેલ એક વિદ્યાર્થીનો ધીમો પણ સ્પષ્ટ અવાજ સંભળાયો : 'છિ : છિઃ !' 'એ કોણે અવાજ કર્યો ? કોણ મરવાનું થયું છે ?' દલાલસાહેબે જે દિશામાંથી અવાજ આવતો હતો એ તરફ નજર નાખીને પૂછ્યું. 'મેં સાહેબ, મેં અવાજ કર્યો. આવડા સરખા છોકરાને આટલું બધું મારો છો તે મારાથી ખમાયું નહી એટલે...'

'એટલે હવે તારે મેથીપાક ખાવો છે. એમ ને ? તારા દિલમાં દયા બહુ ઉભરાઈ જતી હોય તો આવ તું એને બદલે.' દલાલસાહેબે એ વિદ્યાર્થીને માર ખાવાનું નોતરું આપ્યું. એ વિદ્યાર્થી, નિર્ભિત અને શાંત, મક્કમ પગલે માસ્તર પાસે આવ્યો હાથ ધરી ઉભો રહ્યો. 'મારો સાહેબ, જેટલું મારવું હોય તેટલું મારી લો. 'અને પછી તો દલાલ સાહેબે જે સોટી ચલાવી છે ! એક ઉંહકારો કાઢ્યા વગર શાંતિથી ને સ્વસ્થતાથી પ્રહાર પર પ્રહાર ઝીલ્યા જ કર્યો.

સદીઓથી શાળામાં નાના કે મોટાં કારણોસર શિક્ષકો નિર્દોષ, નિઃસહાય પાંચ-સાત વર્ષનાં ભૂલકાંઓને યથેચ્છ અને યથાશકિત ધીબેડે છે. મને માર પડતો હતો એ રીતે મારા પૌત્રો-દોહિત્રો આજે માર ખાય છે. હા, તે શિક્ષકોને ફૂટપટ્ટી બદલાઇ ગયા છે. જયાં સુધી કોઈ બાળકને કથોલા મારને લીધે ગંભીર ઈજા નથી થતી ત્યાં સુધી તો તેના વાલી પણ શિક્ષકને કે શિક્ષક અંગે આચાર્યને ફરિયાદ કરવા નથી જતાં. બાળકે સફેદ બૂટ ના પહેર્યા હોય, છોકરીએ લીલી રિબન માથામાં ન બાંધી હોય યા વિદ્યાર્થીઓ કતારમાં દાદર ઉતરતાં ન હોય તે કોઈ મોટોને ગંભીર અપરાધ હોય તેમ શિક્ષક કે તેણે નિમેલ મોનિટર કે પ્રિફેક્ટ ગાલ પર જોરદાર લાફો ખેંચી દે છે. આ મોનિટર્સ-પ્રિફેક્ટ્સ શિક્ષકોનો મારવાનો ક્વોટા પૂરો કરવામાં પ્રામાણિકતાથી તેમને મદદ કરે છે. જો કે અમદાવાદમાં એવી કેટલીક બાળ કેન્દ્રી શાળાઓ છે જે બાળકને ઓછામાં ઓછી શારીરિક શિક્ષા કરી બાળકના વિકાસ માટે સક્રિય રહે છે. જરૂર પડે પોતે બાળકને વઢે, પણ તેના વાલી જો તેને લઢે-મારે તો એ વાલીને શાળામાં બોલાવીને પ્રેમથી ધમકાવે છે. પેલી સાસુ જેવું, અમે બેઠાં છીએ ત્યાં તમે (તમારાં) બાળકને વઢનાર-મારનાર કોણ...!

બાળક કોઈવાર જીદે ચડે, કહ્યું ન માને ત્યારે એની મા ધોલધપાટ ચોડી દેતી હોય છે, પણ જયારે બાળક રડવા માંડે ત્યારે તેને છાતી સરસું ચાંપીને એની સાથે મા પણ રડવા લાગે છે. પૂછે છે કે માલા બકાને બહુ વાગ્યું ? આટલી સંવેદના સાથે કોઈ ટીચર બાળકને કયારે ગાલ પર કે માથામાં હળવી ટપલી મારે તો હજી તે ક્ષમાપાત્ર છે, પણ ફૂટપટ્ટી તૂટી જાય યા પોતાની હથેળી લાલ થઈ ત્યાં સુધી બાળકને ફટકાર્યા કરતા શિક્ષકોને અમે જોયા છે. અને જે બાળક પોતાના ટીચરથી ગભરાતું રહે છે એનો તે આદર કયારેય કરી શકતું નથી. અમારા એક સ્નેહીના સાત વર્ષના બાળકને ખુબ જ શરદી થઈ ગઈ હતી, નીચે જૂએ તો તરત જ નાકમાંથી પાણી દદડવા માંડે. પણ એ બાળકને ચય એવો કે લેશન કર્યા વગર સ્કૂલે જઈશ તો બહેન ઝૂડી કાઢશે. તેની માએ કહ્યું કે હું તને તારી નોટમાં માત્ર સવાલો લખી આપું છું. જવાબો તું લખી નાખજે. આમ માએ સવાલો લખી આપ્યા. સ્કૂલમાં બહેને નોટ જોઈ. સવાલ-જવાબના અક્ષરો અલગ અલગ જોયા ને તરત જ બાળકને જોરથી

જે પોતાનાથી તૃપ્ત થઈ જાય છે તે નષ્ટ થઈ જાય છે.

બે તમાચા ખેંચી કાઢ્યા. પુછ્યું પણ નહીં કે અક્ષરો જુદા જુદા હોવાનું કારણ શું હતું ? મા ટીચરને ફરિયાદ કરવા ગઈ તો તેણે નફટાઈથી જણાવ્યું કે હા, મેં તમારા લાડકાને માર્યો છે, જે થાય એ કરી લો ના ભણાવવો હોય તો અમારી સ્કૂલમાંથી ઉઠાવી લો, કહેતા હો તો હમણાં જ સર્ટિફિકેટ આપી દઉં. બાળકને અડધી ટર્મે બીજી કઈ સ્કૂલમાં એડમિશન મળે ? એ વિચારે લાચાર મા આંખમાં ઝળઝળિયાં સાથે ઘેર આવી. પોતાના સાત ખોટના દીકરા પર માએ સાત વખત પણ હાથ ઉપાડ્યો નથી. કોઈ વાલી ધારે તો આવા માથાભારે ટીચર સામે પોલીસ કેસ કરી શકે. ખેર!

કિન્તુ શિક્ષણ ખાતું ધારે તો આમાં મદદરૂપ થઈ શકે. શાળામાં જૂન માસમાં 'પ્રવેશોત્સવ' ઉજવાય છે એની સાથે વિદ્યાર્થીઓને 'તાડનોત્સવ' ન ઉજવાય એ માટે કડક પગલાં ભરી શકે. ટ્યૂશન પ્રથા બંધ કરવા શિક્ષણ ખાતું જીવ પર આવી ગયું છે. પરંતુ એમાં ધારી સફળતા મળવાની શકયતા ઓછી છે. છેક મહાભારતના વખતમાં ગુરુ દ્રોણની જાણ બહાર, તેમનું ટ્યૂશન એકલવ્યે રાખ્યું હતું અને ટ્યૂશનની ફીનો સવાલ ઊભો થયો ત્યારે ગુરુજીએ ફીના વિકલ્પે ગુરુ-દક્ષિણાના નામે તેનો અંગૂઠો લઈ લીધો હતો એટલે આટલી પુરાણી ટ્યૂશનની બદી શિક્ષણ ખાતું દૂર ના કરી શકે એ સમજાય એવી વાત છે.

પરંતુ શિક્ષણ ખાતું શિક્ષકો જોગ એવો આદેશ જાહેર કરી શકે કે ખબરદાર, બાળકો પર હાથ ઉપાડ્યો છે તો નોકરી વગરના થઈ જશો. અને માસ્તર જાત ખૂબ જ ગભરુ હોય છે. આવો આદેશ શાળામાં આવે એ જ ક્ષણથી પોતાના બન્ને હાથ ખિસ્સામાં રાખીને ભણાવવાનું શરૂ કરી દેશે. સરકયુલરમાં પરપીડન વૃત્તિ ધરાવતા શિક્ષકો પૂરતી એટલી છૂટ મૂકી શકાય કે વાંકમાં આવેલ વિદ્યાર્થીઓને તે પાટલી પર ઊભા રાખી શકે અથવા તો દસ મિનિટ અંગૂઠા પકડાવી શકે.

ઉપરાંત 'તોત્તો-ચાન' પુસ્તક ભેટમાં આપી સરકાર તે વાંચવાની શિક્ષકોને ફરજ પાડી શકે. છાપુંય નહીં વાંચનાર કોઈ શિક્ષક આવી ફરજ સામે નહીં વાંચવાના પોતાના નાગરિક હક્ક માટે હાઈકોર્ટમાં 'રીટ' કરે એમ પણ બને. પરંતુ એ શિક્ષકને એવું સમજાવી શકાય કે આ પુસ્તક સમજી શકાય એવી સરળ ગુજરાતીમાં અનુવાદ પામ્યું છે. સાથે સાથે અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ અબ્રાહમ લિંકને, પહેલે દિવસે શાળાએ જતાં બાળકની શિક્ષકને ભલામણ કરતો જે ટચુકડો પત્ર લખ્યો છે તેની ગુજરાતી-હિન્દી નકલ શિક્ષકને મરજીયાતપણે વાંચવા આપી શકાય શિક્ષણ ખાતું બાળકોને શિક્ષકોના હાથનો માર ખાવામાંથી બચાવશે તો તેને ઢગલાબંધ આશીર્વાદ મળશે-આવું મારા ગીધુકાકાનું મંતવ્ય છે...

(-સૌજન્ય : ગુજરાત સમાચાર)

## વિશ્વ વિજ્ઞાની ડૉ. વિક્રમ સારાભાઈ

આંતર રાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા મહાન વૈજ્ઞાનિક ભારતના અણુશક્તિ પંચના અધ્યક્ષ, ભારતને અવકાશ સંશોધન ક્ષેત્રની દિશામાં લઈ જનાર, અનેક વિજ્ઞાન મંડળોના અધ્યક્ષ ડૉ. વિક્રમ સારાભાઈનો જન્મ ૧૨ ઑગસ્ટ ૧૯૧૯ માં થયો હતો. ડૉ. સી.વી.રામનના માર્ગદર્શન હેઠળ તેમણે કૉસ્મિક કિરણોના પ્રસારણ અંગે સંશોધન કર્યું. અણુ ભૌતિક વિજ્ઞાન પર કાર્ય કર્યું. ફિઝીકલ રિસર્ચ લેબોરેટરી અને અટીરાના અધ્યક્ષ બની સેટેલાઈટ કૉમ્યુનિકેશન અર્થ સ્ટેશન સ્થાપના કરી. ૩૦ ડિસેમ્બર ૧૯૭૧ માં તેમનું અવસાન થયું.

'સમભાવ' ને મે સહુથી મોટી સંપત્તિ માની છે.

# એ હાલો તરણેતર...

- ચાંવ રમણીકલાલ જી.

" સ્થાન કંડોરણા માનવા નવસો વાવ કુવા,
રાણા પહેલા રાજીયા બાબરીયા હુવા. "

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં થાનગઢથી ૧૦ કી.મી. દૂર તરણેતર ગામ આવેલું છે. ગામની બાજુમાં ત્રિનેત્રેશ્વર મહાદેવનું મંદિર છે. આ વિસ્તારને પાંચાળ ભૂમિના નામે ઓળખે છે. તેથી ...

કંકુ વરણી ભોમકા સરવો સાલે માળ,
નર પટાધર નિપજે મારો પડ જૂઓ પાંચાળ

આ પાંચાળની ધરતી એટલે સંતો, સૂરા અને સતીઓની ધરતી કે જ્યાં પાણે પાણે પ્રતિમાઓ જોવા મળે તેવી ભૂમિ. તેથી કોઈક કવિએ કહ્યું છે કે -

ખડ પાણીને ખાખરા, પાણાનો નહિ પાર,
વગર દિવે વાળુ કરે ઈ દેવકો પાંચાળ.

પાંચાળ એટલે દ્રુપદ રાજાની પુત્રી દ્રોપદી કે જેને પાંચાળી પણ કહેતા તેનો સ્વંયંવર આ તરણેતર ગામની બાજુમાં આવેલ ત્રિનેત્રેશ્વર મહાદેવના સાનિધ્યમાં થયો હોવાની લોક વાયકા છે.

આ તરણેતર શબ્દ ત્રિનેત્રેશ્વર પરથી અપભ્રંશ થયેલ હોય તેવું લાગે છે. કારણ કે આ વિસ્તારમાં વસતા લોકો કાઠી,તળપદા કોળી,સુંવાળીયા કોળી, સતવારા, રબારી અને ભરવાડ જેવી જ્ઞાતિના વસતા લોકો જેથી અહિની બોલીમાં એટલે કે તળપદી બોલીમાં અપભ્રંશ થયેલ હોય તેવું લાગે છે.

આ મંદિર પાસે ભાદરવા સુદ ૪-૫-૬ એમ ત્રણ દિવસ લોક મેળો ભરાય છે. અને કહેવાય છે કે ભાદરવા સુદ પાંચમના દિવસે કુંડમાં ગંગાજી પ્રગટ થાય છે. એટલે ધાર્મિક લોકો પગ રસ્તે આ અગાઉ ચાલીને આજુ બાજુ આવેલા મંદિરોમાં જતા. જેવા કે થાન વાસુકીનું મંદિર,કંડોરાણા હનુમાનજી, જૂનું સૂરજ દેવળ, કશ્યપની દેરી, ગેબીનાથની ગુફા, પાપના રાણાની જગ્યા, હરણ મોક્ષ ઝરણું,અનસૂયા માતાની જગ્યા, કપુરવાવ મહાકાળીનું મંદિર અને મંદિરની પાસેની જગ્યાઓમાં દર્શન કરી પછી બધા મેળો માણે છે. આ મેળામાં ખાસ આકર્ષક ભરતભેલી છત્રીઓ છે કે આ છત્રી ધણી-ધણીયાણી આખું વર્ષ ભેળાબેસી ભરત ભરે છે અને આ સોળ સળિયાની છત્રી જેમાં બત્રીસ રૂમાલ અને ઉપર જેમ અષાઢી મેઘલીમાં ટહુકા કરતો મોર તો હોય જ. એટલે જ છત્રીવાળો આગળ દુહો ગાતો હોય કે -

નદી ખળખળે ઝરણા અને મલપતા પીવે માલ,
કાઢે કસુંબા ગોવાળિયા કે મારો પડ જૂઓ પાંચાળ

પાછળ તેની પત્ની રુમ ઝૂમ ચાલે જાણે હરણી કૂદતી આવતી હોય તેમ પાછળ પાછળ ચાલતી દેખાય છે.

આ મેળામાં ભજનની રાવટીઓ,હુડો,રાસ અને જુદા જુદા પ્રકારના લોક નૃત્યો, દુહા છંદની જમાવટો થતી હોય છે તેમજ ગાડા,અશ્વ,છત્રી,રાસગરબાઓની હરિફાઈઓ પણ જોવા મળે છે.

આ ઉપરાંત જુવાન થયેલ દીકરા-દીકરીઓના કે જેઓના સગપણ થયા હોય તેઓને આ મેળમાં મીઠા મોઢા કરાવે છે અને મેળામાં વાપરવા પૈસા પણ

શ્રધ્ધા પૂર્વક કરેલી પ્રાર્થના કદીએ એળે જતી નથી.

આપે છે.

ભાદરવા સુદ-૫ (પાંચમ)નો મેળો ભરપુર ભરાય જેમાં હૈયે હૈયુ દળાતુ હોય, જુવાનો કોણીના ઠેબે રસ્તો કરી આગળ નીકળે અને જાણે કે દરિયો તોફાને ચડયો હોય તેવું દ્રષ્ય જોવા મળે છે. આ મેળામાં હવે દેશ અને વિદેશમાંથી ઘણા પ્રવાસીઓ, ફિલ્મી કલાકારો, નાટ્ય કલાકારો, ગ્રામીણ લોકોના ફોટો ગ્રાફ લઈ આનંદ મેળવે છે.

મંદિર પાસે લોકગીતો-રાસ-હુડાની ઢોલના તાલે પાવાના સૂરે રમઝટ બોલે જાણે બપૈયા અને કોયલના જેવા સૂરે ગીતો ગવાતા હોય તે જોવું તે પણ એક અનેરો આનંદ છે.

બીજી બાજું ભજન મંડળીઓમાં ભજનોની સૂરાવલી ચાલતી હોય, કોઈ સંતોના જીવન ચરિત્ર ની વાર્તાઓ થતી હોય અને આખી રાત મેળો જાણે ભજનો સાંભળવા થંભી ગયો હોય તેવું વાતાવરણ રાત્રે જોવા મળે છે. એક રાવટીમાં હાલો ને અંજાર શહેર મૂંજા બેલીડા... અને બીજી રાવટીમાં તારો રે ભરોસો મને ભારી... જેવા ભજનો ગવાતા હોય છે.

ખરેખર તો ગુજરાત-સૌરાષ્ટ્રના મોટા ચાર મેળા જેમાં -

૧. સાધુ સંતોના દર્શન કરવા હોય તો જુનાગઢ શિવરાત્રીનો મેળો.
૨. પશુ-પ્રાણીઓ જોવા હોય તો જાવ વૌઠાના મેળે.
૩. કાનુડાની જાન જોવી હોય તો જાવ માધવપુર (ઘેડ)
૪. યૌવન હેલે ચડે તે જોવું હોય તો જાવ તરણેતર.

આમ આ મેળામાં યૌવન ખરેખર હેલે ચડે છે. જે મોટરમાં બેસીને આવે, ટુરીઝમમાં રહે અને મેળો માણે તો તેને ખરેખર મેળાનો આનંદ મળતો હશે ? પણ જેને બાર મહિના મજૂરી કરી થોડા થોડા પૈસા બચાવી અને મેળામાંથી પોતાની સાળીને નખ રંગવાની શીશી કે ચાંદલાનું પડીકું અપાવે અને તેનો જે આનંદ લૂટે છે. તેવો આનંદ આપણને મળતો નથી. માટે જ -

એ... હાલો માનવીઓ મેળે,
મેળામાં મારો મનનો માનેલ છે.
એ હાલો તરણેતરને મેળે...

આચાર્ય,
પે સેન્ટર શાળા નં.૧-થાનગઢ(ચોટીલા)

## પદમાસન વાળીને બેઠાં (પ્રાર્થના)

- હસમુખ ડી. ગોવાણી

પદમાસન વાળીને બેઠાં
ધરતાં તારું ધ્યાન રે....
નાના-નાના બાળ અમે સૌ
દેજો અમને જ્ઞાન રે.... પદમાસન....
મહાસાગરને હોડી નાખી,
ઉછળે મોજા પાણી-પાણી,
હાલક-ડોલક આ હોડીનું
તારે હાથ સુકાન રે.... પદમાસન....
ના કોઈ નાના ના કોઈ મોટાં,
ભેદ બધાં એ સાવ જ ખોટાં,
સૌની સાથે હળશું,ભળશું,
દેશું સૌને માન રે.... પદમાસન....
સૂર્ય ચંદ્ર ને તારાઓના,
પશુ-પંખીઓ ને પરીઓના,
તાલ મિલાવી સોની સાથે,
ગાશું મીઠાં ગાન રે.... પદમાસન....

આચાર્ય
પ્રા.શાળા-ઈસદ્રા (ધ્રાંગધ્રા)

પુરુષાર્થ વિના સ્વતંત્રતા ઈચ્છવી એ દુર્ભાગ્ય છે.

## કોમ્પ્યુટર શીખવું છે ?

- દિપક ગોસાઈ

આજે જયારે વિશ્વભરમાં શિક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજીએ જે હરણફાળ ભરી છે તેની સાથે સાથે કોમ્પ્યુટર યુગને કેમ વિસરી શકાય ? કોમ્પ્યુટર તથા ઈન્ટરનેટ દરેક ક્ષેત્રે ઉપયોગી તથા અનિવાર્ય બની રહ્યું છે. પ્રાથમિક શિક્ષણ જગતમાં પણ પ્રવેશ કરી ચૂકયું છે. આજનો શિક્ષક/બાળક જો વર્તમાન શૈક્ષણિક પ્રવાહો (કોમ્પ્યુટર) થી અવગત નહિ હોય તો તે આજના વિશ્વ સમક્ષ ટટ્ટાર ઉભો નહિ રહી શકે.

**ચાલો, આપણે પણ કોમ્પ્યુટર વિશે જાણીએ.**

આજે આપણે કોમ્પ્યુટરના મુખ્ય ત્રણ ભાગોથી પરિચિત થઈશું.

➢ કોમ્પ્યુટરના મુખ્યભાગો નીચેના બ્લોક ડાયાગ્રામ દ્વારા સમજીએ.

Input → C.P.U. → Output

ઉપરની આકૃતિમાં કોમ્પ્યુટરની રચના સમજવા માટે ત્રણ ભાગ દર્શાવવામાં આવ્યા છે

**Input** - કોમ્પ્યુટરને આદેશ આપવા માટે તથા તેમાં માહિતી દાખલ કરવા માટે જે સાધનોનો ઉપયોગ થાય તે સાધનોને ઈનપુટ સાધન (Input Device) તરીકે ઓળખવામાં આવે છે. ઉદા. કી-બોર્ડ,માઉસ વગેરે.

**C.P.U. (Central Processing Unit)** - કોમ્પ્યુટરમાં તાર્કિક તેમજ ગાણિતિક પ્રક્રિયા કરવા તથા માહિતીનો સંગ્રહ કરવા માટે જે એકમનો ઉપયોગ થાય છે તેને Central Processing Unit તરીકે ઓળખવામાં આવે છે.

**Output** - Input દ્વારા દાખલ કરેલ માહિતીની દ્વારા પ્રક્રિયા થયા બાદ મળતી માહિતીને જોવા તથા પેપર ઉપર લેવા માટે વપરાતા સાધન ને આઉટપુટ સાધન (Output Device)તરીકે આળખવામાં આવે છે. ઉદા. મોનિટર, પ્રિન્ટર, વગેરે.

(ક્રમશઃ)

## ચિંતન

સંકલન : સી.ટી. ટુંડીયા

સ્વપ્ન સેવો, વિચારો, અમલમાં મૂકો.
મારા માટેનું પહેલું સ્વપ્ન એ એની સ્વતંત્રતા છે.
મારા માટેનું બીજું સ્વપ્ન એ એનો વિકાસ છે.
મારા માટેનું ત્રીજું સ્વપ્ન છે કે ભારતે વિશ્વ સમક્ષ ટટ્ટાર ઉભા રહેવાનું છે.
(યાદ રાખીએ કે) તાકતવર (દેશો) તાકતવરનું જ સન્માન જાળવે છે.
આપણે લશ્કરી દ્રષ્ટિએ જ નહિ, પરંતુ આર્થિક રીતે પણ સામર્થ્યવાન બનવાનું છે. બન્ને પ્રકારની શક્તિ હાથમાં હાથ મેળવીને જ વિકસવી જોઈએ.
આ મહાન સ્વપ્ન સાકાર કરવા માટે ત્રણ પ્રકારની પ્રજાની આવશ્યક્તા છે.

૧. પુણ્ય આત્મા એટલે પવિત્ર પ્રામાણિક પ્રજા.
૨. પુણ્ય નેતા એટલે પવિત્ર પ્રામાણિક નેતાગણ.
૩. પુણ્ય અધિકારી એટલે પવિત્ર પ્રામાણિક અધિકારી ગણ.

આ ત્રણે પ્રકારની પ્રજા જો આપણા સમાજમાં
વૃદ્ધિ પામે તો ભારત જગદ્‌ગુરુ બની રહે.
વિચાર એ વિકાસ છે, નિર્વિચાર એ વિનાશ છે,
ફક્ત સ્વપ્ન જ મનને પેટાવે છે, ઉત્તેજીત કરે છે.
આ જયોતિર્મય બનેલ મન સશક્ત સાધન છે.
સ્વપ્ન સેવો, સ્વપ્ન સેવો, સ્વપ્ન સેવો ...
વિચારો, વિચારો, વિચારો અને પછી આ વિચારને
કાર્યમાં પરિવર્તિત કરો. આ વિચારોને વ્યવહારમાં મૂકો,
વ્યવહારમાં મૂકો, વ્યવહારમાં મૂકો ...

ડૉ.એ. પી. જે અબ્દુલ કલામ
૩ જુલાઈ ૨૦૦૨(ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાંથી)

### સ્વથી શિક્ષણ તરફ...

➢ પ્રગતિશીલ શાળાના કાર્યક્રમમાં આપ જોડાવાં માગો છો?
જો 'હા'. તુરંત ડાયેટમાં શાળાની વિગત મોકલો.
➢ શાળામાં આવેલા સાધનો/વસાવેલા આપે જોયાં? તેને ઉપયોગમાં લીધાં?
➢ આપની શાળાના પ્રેરણાદાયક શૈક્ષણિક બનાવો મોકલાવશો?

કોઈપણ કાર્યનો આરંભ જ એનું સૌથી મહત્વનું અંગ છે.

# દયાળુ હંસ

ભાઈલાલ ગુર્જર

એક નાનાકડું તળાવ હતું. આ તળાવમાં ઘણી માછલીઓ રહેતી હતી. એક હંસ અને એક કાચબો પણ રહેતો હતો. બધાં દોસ્ત બનીને સંપીને રહેતાં હતાં.

એક વખત ચોમાસામાં વરસાદ ઓછો પડેલો. ઉનાળો આવતાં તો પાણી સૂકાતું ચાલ્યું. તાળવની એક બાજુના ભાગમાં થોડું પાણી બચ્યું હતું. એ પણ સૂકાઇ જશે એવી સૌને ચિંતા થતી હતી.

હંસને થયું કે હું તો ઊડીને ક્યાંક ચાલ્યો જઇશ. જ્યાં પાણી હશે ત્યાં થોડા દિવસ કાઢી આવીશ. કાચબાભાઇ પણ જમીન પર રહી શકશે. પણ ... આ માછલીઓ ક્યાં જશે ? એ તો બિચારી ઊડી શકે નહિ. જમીન પર રહી શકે નહીં. પાણી સૂકતું જશે તેમ એ પણ સૂકાતી જશે. પાણી વગર એ કેમ જીવશે ?

હંસ માછલીઓની ચિંતા કર્યા કરતો. ચિંતામાં રહેતા હંસને જોઇ માછલીઓએ પૂછ્યું, 'અરે ! હંસભાઇ, તમે શેની ચિંતા કરો છો ? કેમ હમણાંથી કંઇ બોલતા નથી ?'

હંસે કહ્યું,'મને તો તમારી ચિંતા છે. આ પાણી તો સૂકાતું ચાલ્યું. હું તો ઊડીને ક્યાંક જતો રહીશ. પણ... તમારું શું થશે ?'

તળાવ પાસેના એક ઝાડ ઉપર બેઠેલા એક કાગડાએ આ સાંભળ્યું. કાગડો ઉડતો ઉડતો કિનારે આવ્યો. તેણે હંસને કહ્યું, 'એમાં શું મૂંઝાઇ ગયા ! આ માછલીઓને આપણે બચાવી શકીએ તેમ છીએ. તમે ચાંચમાં પકડી મને માછલી આપજો. આ તળાવની વચ્ચે આવેલા કૂવામાં માછલી નાખી આવીશ. આવી રીતે બધી માછલીઓને આપણે કૂવામાં નાંખી દઇએ. વરસાદ ના આવે ત્યાં સુધી માછલીઓ કૂવામાં રહેશે. ચોમાસામાં ખૂબ વરસાદથી આ તળાવ ભરાઇ જશે. કૂવો પણ છલકાઇ જશે. પછી બધી માછલીઓ પાછી તળાવમાં આવી જશે.'

આ વાત પેલો કાચબો સાંભળી ગયો. પાણીમાંથી ડોકું બહાર કાઢી બોલ્યો, 'વાહ કાગડાભાઇ, તમે તો બહુ બુદ્ધિશાળી છો સારું થયું કે તમે આ યુક્તિ બતાવી. એમ કરો આવતી કાલે સવારે આવો. આપણે સો સાથે મળી આ સેવાનું કામ કરશું.'

'ભલે કાચબાભાઇ, હું કાલે વહેલાં આવી જઇશ.' એમ કહી કાગડો ઊડીને જતો રહ્યો.મનમાં ખુંશ પણ થયો કે આવતી કાલે મજા પડી જશે.

કાગડો દૂર જતો રહ્યો એટલે કાચબાએ કહ્યું, 'જુઓ હંસભાઇ, આ કાગડો બહુ લુચ્ચો છે તેની યુક્તિમાં સ્વાર્થ છે. તમે માછલી પકડીને આપશો એટલે કૂવા પાસે જતાં પહેલાં જ ખાઇ જવાનો. મને આ કાગડાનો સારો અનુભવ નથી.

સાંજ પડી. ચાંદામામાનો પ્રકાશ બધેય ફેલાઇ ગયો.હંસે હળવેકથી ચાંચમાં પકડી પકડીને બધી માછલીઓને કૂવામાં નાંખી દીધી.બધી માછલીને બચાવી લેવાનું સારું કાર્ય કર્યાનો આનંદ લઇ એ પણ ઊડીને દૂર જતો રહ્યો.કાચબો પણ જતો રહ્યો.

સવારે કાગડો આવ્યો.ના જોયો હંસ કે ના જોવા મળી માછલી. કાચબો પણ દેખાયો નહિ.પોતાની લુચ્ચી યુક્તિ સફળ ના થઇ. અફસોસ કરતો કરતો એ પણ ઊડીને દૂર જતો રહ્યો.

આચાર્ય, ન.પા.શાળા નં.૧૨-સુરેન્દ્રનગર

વાર્તા એ મનુષ્યની સાંસ્કૃતિક મૂડી છે. તે જેમ જેમ વપરાય છે તેમ તેમ વધે છે,લૂંટાય છે તેમ તેમ ફેલાય છે, કદી જૂની થતી નથી. આપણાં બાળકોને આપણે કોઇ ભૌતિક મૂડી આપી શકીએ કે નહિ તે મહત્વની વસ્તુ નથી, પણ આપણી આ સાંસ્કૃતિક મૂડી જો વપરાયા વગર પડી રહે તો તે એક મોટી આફત ગણાશે.

- મૂ. મો. ભટ્ટ

## સંસ્થા સમાચાર

જે. એમ. પટેલ — એમ. બી. પરમાર

- માન. નિયામકશ્રી ડૉ. નલિન પંડિત સાહેબ, અધિક નિયામકશ્રી આર. સી. ગોર સાહેબ તથા ગુજરાત રાજ્યના તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રીઓની સુ.નગર ડાયેટની મુલાકાત (તા:૧૨.૦૪.૦૨)
- જિ.શિ.તા.ભ., રાજકોટના પ્રિન્સીપાલશ્રી સી. ટી. એરવાડીયા સાહેબ ડાયેટ-સુ.નગરની મુલાકાતે (તા:૨૪.૦૫.૦૨)
- વાઈસ ચેરમેન, હેલ્થ ફોરમ તથા એસોસિયેટ પ્રોફેસર મ્યુ. મેડિકલ કોલેજ અમદાવાદ, ડૉ. રાજેશ વી. મેહતાની ડાયેટ-સુ.નગર મુલાકાત (તા:૨૮.૦૫.૦૨)
- જિ.શિ.તા.ભ.,સુ.નગરના પ્રિન્સીપાલશ્રી એન. જે. મકવાણા સાહેબ, સુ.નગર જિલ્લાના ફોરેસ્ટ ઓફિસરશ્રી તથા ડાયેટના તમામ લેકચરરશ્રીઓ અને તાલીમાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો. (તા:૦૫.૦૬.૦૨)
- બીજા વર્ષના તાલીમાર્થીઓના સત્રની શરૂઆત (તા:૨૪.૦૬.૦૨)
- પ્રોગ્રામ એક્સટેન્ડર, યુનિસેફ-ગાંધીનગર, શ્રી જીગર બી. બ્રહ્મભટ્ટની ડાયેટની મુલાકાત (તા:૩૦.૦૬.૦૨)
- કાર્યક્રમ સલાહકાર સમિતિની મિટીંગ (તા:૦૮.૦૭.૦૨)
- પી. ટી. સી. તાલીમાર્થીઓને રાત્રી બેઠક દરમ્યાન અધ્યાપકો દ્વારા શૈક્ષણિક માર્ગદર્શન મળી રહે તે સંદર્ભે આયોજન (તા:૦૨.૦૮.૦૨)
- માન. નિયામકશ્રી આર. કે. ચૌધરી સાહેબ (પ્રાથમિક શિક્ષણ)ની ડાયેટ સુ.નગરની મુલાકાત (તા:૦૩.૦૮.૦૨)
- પી.ટી.સી. પ્રથમ વર્ષમાં ૩૦ તાલીમાર્થીઓ સંસ્થામાં હાજર થયા (તા:૦૫.૦૮.૦૨)
- મૈત્રી વિદ્યાપીઠના મંત્રીશ્રી જયશ્રીબેન દેસાઈ ડાયેટ સુ.નગરની મુલાકાતે (તા:૦૭.૦૮.૦૨)
- માન. શ્રી આર. સી. ગોર સાહેબ અધિક નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર ડાયેટ-સુ.નગરની મુલાકાતે.(તા:૧૩.૦૮.૦૨)

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર દ્વારા નીચે મુજબના વિષયો ઉપર આધારિત તાલીમ વર્ગો યોજાઇ ગયા. જેમાં જિલ્લાના ૪૨૧૬ શિક્ષક ભાઇ-બહેનો ઉપસ્થિત રહ્યાં. કુલ-૯૪ વર્ગો યોજાઇ ગયા.

- ધો-૬ અંગ્રેજી વિષયના માસ્ટર ટ્રેનર્સ નિવાસી તાલીમ વર્ગો(વર્ગ-૧)
- ધો-૬ અંગ્રેજી વિષયના તાલીમ વર્ગો(વર્ગ-૨૦)
- ધો-૩ના નવા પા.પુ. સંદર્ભિત તાલીમ વર્ગો(વર્ગ-૨૨)
- કેળવણી નિરીક્ષકોશ્રી સાથેનો જ્ઞાન ગોષ્ઠિ કાર્ય શિબિર(વર્ગ-૧)
- જિલ્લા પ્રા. શિક્ષક સંઘના હોદ્દેદારો સાથેનો જ્ઞાન ગોષ્ઠિ કાર્ય શિબિર (વર્ગ-૧)
- બી.આર.સી./સી.આર.સી સાથેની કાર્ય શિબિર (વર્ગ-૪)
- ધો-૬ સિદ્ધિ કસોટી આધારિત તાલીમ વર્ગો (વર્ગ-૧૮)
- ધો-૪ સિદ્ધિ કસોટી આધારિત તાલીમ વર્ગો (વર્ગ-૧૯)
- ધો-૧ ભણાવતાં તાલીમથી વંચિત શિક્ષકોના તાલીમ વર્ગો(વર્ગ-૮)

સ્ટેમ્પ

O. I. G. S. Printed Matter Book-Post

પ્રતિ,
આચાર્યશ્રી,
__________ પે. સેન્ટર / પ્રાથમિક શાળા,
તાલુકો : __________
જિ. સુરેન્દ્રનગર.

રવાના:
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સ્વામિનારાયણ ગુરૂકુળ સામે,
સુરેન્દ્રનગર
પીન:- ૩૬૩૦૦૧